

શ્રીસ્વામિનારાયણ મંદિર,
કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

**ઓગષ્ટ-૨૦૨૫**



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

ઓગષ્ટ, ૨૦૨૫

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ આયોજિત

## હિંડોળા ઉત્સવ-૨૦૨૫




હિંડોરનામે હોરે હોરે ઝૂલો મહારાજ, છેલ ઝુલાવું રતન હિંડોરે, સુફલ કરું સબ કાજ...

# અનુક્રમણિકા


3 સંબંધની મહત્તા
- પ.પૂ.શ્રીગુરુજી

4 નિયમની કમાલ
- પ.પૂ.શ્રીગુરુજી

6 સતત સ્મરણ-ભજન કરવું છે ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 મમતા
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 જ્ઞાનપ્રાપ્તિની પાત્રતા
- સાધુ અનાદિસ્વરૂપદાસ

10 પુરુષોત્તમ શેઠની પેઢી...
- સાધુ સાકારસ્વરૂપદાસ

12 નિષ્ઠા ત્યાં પ્રતિષ્ઠા
- સાધુ પ્રસન્નવદનદાસ

14 એક સધે સબ સધે,
સબ સધે સબ જાય
- સાધુ સંકીર્તનદાસ

16 આપણું ડ્રાઇવિંગ કેવું છે ?
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

18 Damage
- સાધુ મૂર્તિસ્વરૂપદાસ

21 સત્સંગ સમાચાર






: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

## સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૧ શ્રાવણ સુદ-૧૧, તા.૦૫/૦૮/૨૦૨૫ મંગળવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


**સત્સંગ સુધા**

નિર્માની થઈ નમીને, મીઠું બોલો અપાર;
નિજ ઊંચાઈથી ઉતરી, જ્ઞાન દ્યો સહુને પ્યાર...૦૧

બહુ ભુખ્યાં છે પ્રેમનાં, સર્વે નર ને નાર;
જ્ઞાન ગંગા પ્રેમની જ, વહાવો અનરાધાર...૦૨



# કાવ્યકૃપા

## સંબંધની મહત્તા

સંબંધોને સાચવજો, પણ પૈસા તો જ્ઞાન;
બેન્ક પણ સાચવે જ છે, ન બનો બેન્ક સમાન...૦૧

સમય સંબંધ ને સ્વાસ્થ્ય, સન્મિત્ર પણ નિદાન;
ચારેય મફતમાં મળે છે, પણ તેનું મુલ્ય જ્ઞાન...૦૨

ત્યારે જ ખબર પડે છે, જ્યારે તે તે જાય;
માટે એની હયાતિમાં, જ્ઞાન મૂલ્ય જાણો ચાય...૦૩

સમય જતો રહ્યા પછી, નથી ચાલતું તોફાન;
માટે સહુ કામ કરી લ્યો, ચેતી સમયસર જ્ઞાન...૦૪

સંબંધો બનાવવાની, મળી છે તક મહાન;
તેને તમે ન વેડફો, સંબંધ બાંધો જ્ઞાન...૦૫


સંબંધ કામ લાગે છે, એ સમ બીજું કાંય;
જ્ઞાન કામ લાગતું નથી, સંબંધ સાચવો ચાય...૦૬

જ્ઞાન પોતાની જાતને, કોઈની સાથે જોડ;
શક્ય હોય તો મદદ કર, મે'નત કર તનતોડ...૦૭

પૈસા ભલે બનાવો પણ, સંબંધ બનાવો ચાય;
જ્ઞાન સંબંધ ન જ તોડો, કામ લાગશે સદાય...૦૮

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

(સં.૨૦૮૧, માગસર વદ-૬; તા.૨૧/૧૨/૨૦૨૪, કુંડળધામ)



Happy Raksha Bandhan - 2025


# કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૦૭/૦૯/૨૦૨૩ ને ગુરુવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન

# નિયમની કમાલ

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ





જેને ભગવાનની અખંડસ્મૃતિ રાખવી હોય એને શું કરવું ? તે વાત મહારાજે પોતે શ્રીમુખે વચનામૃત ગ.પ્ર.૨૨માં કરી છે. "...ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિશે વૃત્તિ રાખે અને જ્યારે ભજનમાંથી ઊઠીને બીજી ક્રિયાને કરે ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે, તો તેની વૃત્તિ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહીં."

આપણે ભજન કરીએ, પૂજા કરીએ, માનસી કરીએ, સત્સંગ કરીએ, ત્યારે તો ભગવાનમાં વૃત્તિ રહે; પણ ભજન, સત્સંગમાંથી નીકળ્યા પછી વ્યાવહારિક કામમાં પડીએ ત્યારે ભગવાનમાં વૃત્તિ રાખતા નથી. મહારાજ કહે છે, 'જો ત્યારેય વૃત્તિ ન રાખે તો ભજનમાં બેસે ત્યારે પણ વૃત્તિ સ્થિર થાય જ નહીં. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં સર્વ ક્રિયાને વિશે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો, તો ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતાં પણ રહે.' તે માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ ભગવાનના ભક્તે કરવો.

અક્ષરધામાધિપતિ પૂર્ણપુરુષોત્તમ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન પોતે જ ફરેણીની સભામાં પોતાનું 'સ્વામિનારાયણ' એવું નામ ઉદ્ઘોષિત કરીને આપણને દઈ ગયેલા છે. એ વખતે મહારાજે પોતાના નામસ્મરણનો મહિમા કહેલો. જેનો ઉલ્લેખ પ.પૂ.શ્રીનિર્ગુણાનંદ બ્રહ્મચારી રચિત **"શ્રીપુરુષોત્તમલીલામૃત સુખસાગર"** તરંગ-૧૩માં આ રીતે વર્ણવાયો છે...

**હવે આજ કરું હું પ્રકાશ, તમે સાંભળો તે સહુ દાસ;**
**સ્વામિનારાયણ મારું નામ, સંભારતાં સૌને સુખધામ...૩૫**
**બીજાં નામ લે કોઈ હજાર, તોય આવે નહીં એની હાર;**
**સ્વામિનારાયણ નામ સાર, લીએ એકવાર નિરધાર...૩૬**
**તેને હજાર નામનું ફળ, મળે તરત જાણો એ પળ;**
**માટે સૌ જન લેજો વિચારી, આ છે નામ અતિ સુખકારી...૩૭**

તેમજ ભગવાને ગઢપુરથી એક પત્ર લખાવેલો, જેમાં નામીએ સહિત નામનો મહિમા કહ્યો છે –

**स्वामिनारायण नाम के, आग्रह नामी जुत ।**
**रखत भक्तजन जो तिनकुं, सुख मिलत हि अद्भूत ।।**

નામીએ સહિત સ્વામિનારાયણ નામ જપવાનો જે કોઈ આગ્રહ રાખે તે ભક્તજનને ભગવાન સ્વામિનારાયણ એના હૃદયમાં પોતાની મૂર્તિનું અદ્‌ભુત, અલૌકિક અપાર સુખ આપે છે. આ વાત આમ જ છે. આપણો સિદ્ધાંત છે કે, ભગવત્સ્મૃતિ સહિત ભગવાનનું નામ સ્મરવું. નામીએ જુત નામ લેવું; છતાંય આરંભમાં નામીએ જુત નામ ન લઈ શકીએ તો ભલે, પણ પહેલાં નામ લેવાની ટેવ પાડીએ એ પણ સારું જ છે.

ગામ વાંકિયાના મોકા ખાચર બહુ સારા હરિભક્ત હતા. એણે નિયમ લીધેલો કે, ‘રોજ ૫૦ માળા ફેરવવાની અને જો કોઈ આપત્કાળ આવી જાય તો ૨૫ માળા થાય ત્યારે બોલવાનું, નહિતર ૫૦ માળા પૂરી થાય પછી જ બોલવાનું. અને જો વચમાં બોલે તો આગલી ફેરવેલી માળા ખોટી થાય.’

એક વખત તેઓ લાંગ સાહેબ સાથે ઘોડે બેસીને સીમમાં જતા હતા. તેવામાં રસ્તામાં એક જનાવર ઉડ્યું અને ઘોડી ભડકી, તેથી ઘોડીએથી પોતે પડી ગયા અને ગોઠણનો સાંધો ખડી ગયો. એ વખતે પોતે માળા ફેરવતા હતા, તે લાંગ સાહેબે આવીને બોલાવવા માંડ્યા; પણ એ કાંઈ જવાબ આપે નહીં. પછી જ્યારે એમની ૨૫ માળા પૂરી થઈ ત્યારે બોલ્યા, ‘મારો પગ ભાંગી ગયો છે. હવે મારાથી ઘોડે નહિ બેસાય; સાહેબ ! ગામમાંથી ગાડું મંગાવો.’ સાહેબ કહે, ‘પણ અત્યાર સુધી તમે બોલ્યા કેમ નહિ ?’ તો કહે, ‘સાહેબ, મારે ૫૦ માળા ફેરવવાનો નિયમ છે, તે નિયમ પૂરો થાય ત્યારે હું બોલું. જો બહુ આપત્કાળ આવે તો ૨૫ માળા પૂરી થાય ત્યારે બોલાય. આજે ૨૫ માળા પૂરી થઈ ત્યારે તમને જવાબ આપ્યો.’ એ સાંભળીને લાંગ સાહેબ આશ્ચર્ય પામ્યા. પછી ગાડું મંગાવ્યું અને મોકા ખાચરને ગાડામાં બેસાડી વાંકિયા લઈ ગયા.

જીવનમાં આવા કાંઈક નિયમ રાખીને ઇન્દ્રિયો-અંતઃકરણ કે બીજા પાસે કડક હાથે કામ લેશું ત્યારે પ્રભુ ભજાશે. શૂરવીર થાશું તો જ હરિ ભજાશે, નહિતર આ જગત ભગવાન ભજવા દે એવું નથી.

કરિયાણા ગામમાં ભગવાન સ્વામિનારાયણ કહે છે કે, આજ આ કળિયુગમાં સ્વામિનારાયણ મંત્ર છે તે જીવને તારનાર છે. ભગવાનનું ભજન કરવામાં અધિક ને અધિક લાભ છે. જો અધિક ભજન કરશો તો એમાં અલાભ તો કદી છે જ નહીં. જીવને માટે સાચામાં સાચો જો કોઈ લાભ હોય તો એ છે ભગવત્સ્મરણ ! આત્માનું સાચું સુખ અને લાભ એ જ છે, પણ સંતની આપેલી દિવ્ય બુદ્ધિ વિના એ લાભ માન્યામાં આવતો નથી.

એકવાર સદ્‌ગુરુ સ્વામી મહાપુરુષદાસજી માણાવદર ગયા હતા. સ્વામીએ તપનો ઉપવાસ કરેલો, તેથી રાત્રે બહુ વસમું પડ્યું. પછી મહારાજે દર્શન દીધાં અને કહ્યું, ‘સ્વામી, ભલે ઉપવાસ કઠણ પડ્યો પણ ઉપવાસથી બ્રહ્મચર્યવ્રત પાકું થાય છે અને બ્રહ્મચર્ય અમને ગમે છે, માટે તપથી અકળાવું નહિ. દેહ-ઇંદ્રિયોને દંડ દેવો.’ એમ કહીને અંતર્ધાન થઈ ગયા. બીજી રાત્રે પણ મહારાજે મહાપુરુષદાસજી સ્વામીને દર્શન દીધાં અને કહ્યું કે, ‘સ્વામી, આજે તમે ફક્ત ૨૦ માળા જ કેમ ફેરવી ?’ સ્વામી કહે, ‘મહારાજ ! મેં માળા નહોતી ગણી.’ મહારાજ કહે, ‘મેં ગણી હતી.’

વહાલા ભક્તો ! ઘણી વાર નિયમ ન હોય તો આપણું મન છેતરી જાય છે. માટે જ્યાં સુધી ભજન અખંડ ચાલુ ન રહે ત્યાં સુધી વધુમાં વધુ ભજન થાય એવો નિયમ રાખવો જોઈએ. તેની રોજ ગણતરી પણ રાખવી જોઈએ. આપણે હિસાબ રાખીએ કે ન રાખીએ, મહારાજ બધો હિસાબ રાખે છે. જે કાંઈ ભજન કરીએ, એ નિયમ રાખીને કરીએ. આટલું તો વાંચવું જ, આટલી માળા તો કરવી જ, વર્ષમાં આટલા દિવસ તો સાધુ ભેળું રહેવું જ; આવા ઠરાવ જીવથી કરી રાખવા. જો એમ મજબૂત પણે ઠરાવ નહિ કર્યા હોય તો આ સંસાર, આ આપણો ખૂટલ દેહ કે ઇન્દ્રિયો-અંતઃકરણનું ટોળું આપણને ભગવાન ભજવા નહિ દે.



# સતત સ્મરણ–ભજન કરવું છે ?



લેખક : સાધુ ઈશ્વરચરણદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ભક્તો ! આપણે ભગવાનના ભક્ત છીએ. દરરોજ પ્રભુની પૂજા, માનસી, કથા-કીર્તન અને ભજન કરીએ છીએ; પરંતુ તેમાં ખરેખર શ્રીહરિ સાથે જોડાવાય છે ? ભગવાનનું સુખ આવે છે ? બીજું બધું વિસરાય જાય એવો પ્રેમ પ્રગટે છે ?

પર્વતભાઈને શ્રીહરિ તથા સંતોના સાંનિધ્યમાં ૭ દિવસ ખાવાની જરૂર ન જણાણી. કુંડળધામના સમર્પિત મયાદાદા-ખોપાળાવાળાને ભજન કરતાં થકાં ભોજનમાંથી રસ જ ઊડી ગયો. સચ્ચિદાનંદ સ્વામી અને સિદ્ધાનંદ સ્વામી શ્રીહરિ તથા સંતો માટે શેરડી જેવાં અનેક ફળ-ફૂલ તૈયાર કરતા; પણ તેમને ખાવાના ઘાટ જ થતા નહીં. પ્રભુ સામેથી પ્રસાદ આપે તો પ્રેમથી આરોગતા, નહિ તો પોતે ન ખાવાનો નિયમ પાળતા. આપણે કેમ થાય છે ?

અમરા ભગતને રઘુવીરજી મહારાજ અને ગોપાળાનંદ સ્વામીને ભેટવાનો લાભ અને રાજીપો મળ્યો, તો જીવનભર બ્રહ્મચર્ય પાળવાની ખુમારી આવી ગઈ. મેથાણના ગોવિંદરામ અને અમરબાઈને પરણેતરના પ્રથમ દિવસે પ્રભુની એવી મરજી જણાણી, તો જીવનભર ભેળા રહેવા છતાં બ્રહ્મચર્ય પાળ્યું. જીવા ખાચરે દાદાખાચરનું બગાડવા બધું જ કર્યું, છતાં દાદાએ તેના અહિતનો સંકલ્પ પણ ન કર્યો. આપણું કેમ છે ? જો રીઝલ્ટમાં કાંઈક ફરક છે તો સત્સંગ-ભજન કરવામાં જરૂર કાંઈક ફરક છે. શું ફરક હશે..?

જેને પંચવિષય, પદ-પ્રતિષ્ઠા અને પૈસાની આસક્તિ છૂટી જાય તેઓ સાચા અર્થમાં સત્સંગ-ભજન કરે છે. તેમને શ્રીહરિનું સાચું સુખ આવે છે. તેઓ અંતરથી અંતર્યામી સાથે જોડાઈ શકે છે. તેનો અર્થ એ કે તેમને પ્રભુમાં પૂર્ણ પ્રેમ થાય છે. તેમને શ્રીહરિ તથા સંતોનો મહિમા સમજાઈ ગયો છે.

**✻ આવો મહિમા અને પ્રેમ કેવી રીતે પ્રાપ્ત થાય ?**

જેનો મહિમા અને પ્રેમ વધારવો હોય તેના પ્રત્યે આ બે બાબત અનિવાર્ય છે –

૧. તેના ગુણ, ઉપકાર અને પ્રસંગો યાદ આવ્યા જ કરે, તેનું બધું જ ગમે.
૨. તેનો અવગુણ કદી ન આવે. તેનો અભાવ, અણગમો કે અમહિમા થવા જ ન પામે.

આપણે આપણા ઈષ્ટદેવ, ગુરુદેવ અને તેમના પ્યારા સંતો-ભક્તોના ગુણ, ઉપકાર અને પુનિત પ્રસંગો પુનઃ પુનઃ યાદ કરીએ છીએ ? તેનું કથન કે શ્રવણ કરતા જ રહીએ છીએ ? જો હા, તો પહેલી શરત ઓકે છે. જો ના, તો અત્યારે જ આ ભૂલ સુધારવી જરૂરી છે.

આપણે આપણા પ્રભુજી અને તેમના પ્યારા સંતો-ભક્તોનો અવગુણ નથી જ લેતા ? તેમનો અમહિમા,

અભાવ કે અણગમો નથી જ થવા દેતા ? જો હા, તો બીજી શરત પણ ઓકે છે. જો ના, તો આ ભયંકર ભૂલ થઈ રહી છે.

અંધારું અને અજવાળું એકસાથે તો ન જ હોય ને ! ભોજન કરવું ને ભસવું સાથેસાથે તો ન જ થાય ને ? તેમ ભાવ અને અભાવ, મહિમા અને અવગુણ સાથે તો ન જ રહે ને ?

એટલે તો આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણે વચનામૃતમાં સૌથી વધુ વખત બીજાના ગુણ લેવાની અને અવગુણ ન જ લેવાની વાત કરી છે. વચનામૃતમાં અભાવ, અવગુણ, અપરાધ, દ્રોહ અને દોષ આ પાંચેય શબ્દોનો સરવાળો કરીએ તો ૩૭૯ થાય છે. આહા...હા...પરાત્પર પુરુષોત્તમનારાયણે તેમની પરાવાણીમાં ૩૭૯ વખત આ શબ્દો બોલીને આપણને અભાવ-અવગુણથી બચાવવા ટકોર કરી છે. એના ઉપરથી આપણે સમજી શકીએ કે શ્રીહરિ તથા સંતો-ભક્તોના ગુણ જ લેવા તે કેટલી મહત્ત્વની વાત છે ! અને તેમના અવગુણ લેવા તે કેટલી ભયંકર ભૂલ છે !

**✻ શ્રીહરિ તથા સંતો-ભક્તોના ગુણ લેવાના ફાયદા :**

૧. તેમનો મહિમા વધે અને આપણું માન ઘટે.
૨. તેમાં પ્રેમ વધે અને બીજી આસક્તિ ઘટે.
૩. આપણામાં પણ ગુણ આવે અને દુર્ગુણ જાય.
૪. સહેજે શ્રીહરિનું સ્મરણ-ભજન થાય ને બીજું ભુલાય.
૫. સત્સંગ-ભજનમાં સુખ બહુ આવે ને દુઃખ દૂર થાય.
૬. હૃદય ઋણી, ગદ્ગદિત થાય એટલે કઠોરતા ગાયબ થાય.
૭. શ્રીહરિનાં સાક્ષાત્ દર્શન થાય અને માયામાત્ર જાય.

ગુણ લેવાના, ઉપકારો યાદ કરવાના અને પ્રેરક પ્રસંગો પુનઃ પુનઃ વાગોળવાના આટલા બધા લાભ છે.

**✻ શ્રીહરિ તથા સંતો-ભક્તોના અવગુણ લઈએ, કોઈને કહીએ કે સાંભળીએ તેનાં અનેક નુકસાન અને પાપ થાય છે –**

૧. શ્રીહરિ તથા તેમના સંતો-ભક્તો ચિંતામણિ જેવા છે. તેથી તેમાં જેવા-જેવા દોષો કલ્પીએ તે બધા આપણામાં આવી જાય છે.
૨. પ્રભુ તથા તેમના પ્યારા પરમહંસો જંગમ તીર્થો છે. તેથી તેમને ઉદ્દેશી જેટલા ખોટા સંકલ્પો કરીએ, તેની નિંદા-ટીકા કરીએ; તેનું પાપ વજ્રલેપ થાય છે. પછી તેનું કોઈ પ્રાયશ્ચિત જ થાતું નથી.
૩. બીજાના દોષ જોયા, બોલ્યા કરવાથી આપણને અભિમાન આવે છે અને બીજાનો મહિમા ઘટી જાય છે.
૪. જેને બીજાના અવગુણ જોવા-કહેવા-સાંભળવાની કુટેવ પડે, તેને અંતરમાં સાચી શાંતિ મળતી નથી.
૫. સંતો-ભક્તોના અવગુણ લેવાથી, તેમનું અહિત કરવાથી તેમનું કે મહારાજનું દિલ દુભાય તો દ્રોહ લાગી જાય. એવા દ્રોહીનો તો જીવ નાશ થઈ જાય છે. પછી તેને ક્યારેય કલ્યાણ કે સુખ મળતું નથી.

કદાચ કોઈ સંત-ભક્તની ભૂલ હોય જ, તો તેને એકાંતે કહેવું એ જ સારી રીત છે; તેમ છતાં કોઈ તેને ફજેત કરે તો તે અવગુણિયાનાં વાણી-વર્તનથી બીજા જેટલાને સ્વામિનારાયણ ભગવાનનો કે સંતો-ભક્તોનો અભાવ આવે અને તે જીવોનું બગડે તેનું તમામ પાપ આ અવગુણિયાને લાગે છે. એમાંય જો પોતાના સ્વાર્થે, માન-ઈર્ષ્યાને કારણે કોઈના ચડાવવાથી આ કુપ્રવૃત્તિ કરે તો તેનું અનંતગણું પાપ વધુ લાગે છે.

આટલી વાત વિચાર્યા પછી હવે આપણને સ્પષ્ટ ખ્યાલ આવે છે કે, પર્વતભાઈ, દાદાખાચર અને નંદસંતો જેવી ભક્તિ તથા સ્થિતિ પ્રાપ્ત કરવી હોય, તો મહિમા અને પ્રેમ વધે એવી જ વિચારધારાને વધારવી જોઈએ. એવી જ પોઝિટિવ પ્રવૃત્તિ કરવી જોઈએ. એવા મહિમાવાળાનો જ સંગ-સમાગમ રાખવો જોઈએ. સદા સારું જ જોવું, વાંચવું કે સાંભળવું જોઈએ.

હે પ્રભુ ! મને આપનો તથા આપના ઉપાસક સંતો-ભક્તોનો એવો મહિમા દેજો કે મને મારાથી તે બધા મોટા લાગે. દિવ્ય-મુક્ત મનાય. તેમના ગુણ, ઉપકાર અને પુનિત પ્રસંગો યાદ આવ્યા જ કરે. તેમનો મહિમા વધતો રહે. આપમાં પ્રેમ ઉમેરાતો રહે. જેથી આપનું અખંડ સ્મરણ-ભજન થયા જ કરે. મને મારા અવગુણ દેખાય અને બીજાના ગુણ જ દેખાય; એવી દિવ્યદૃષ્ટિ આપવા કૃપા કરજો.



# મમતા

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ભાઈને ઘણા સમય પછી પુત્ર જન્મ્યો. પુત્રના જોષ જોતાં જણાયું કે, 'પુત્રનું મુખ જોતાં પુત્ર મરે કાં પિતા મરે.' એટલે પોતાનો વંશ રાખવા પુત્રનું મુખ જોયા વગર જ તે ઘરેથી નીકળી ગયો અને ગંગાકિનારે જઈ સાધુ થઈ ત્યાં મઠ બાંધીને રહેવા લાગ્યો.

આ બાજુ સમય જતાં તેનો પુત્ર સોળ વર્ષનો થયો. એક વખત તે દડે રમતો હતો. એક ડોશીને દડો વાગતા તે બોલી, 'આનો બાપ હોત તો આને વારત.'

આ વાત સાંભળી છોકરાએ એની માને કહ્યું, "મારા બાપા ક્યાં છે ?" માએ કહ્યું, "તારા બાપ તો તારો જન્મ થયો ત્યારના ઘર છોડી નીકળી ગયા છે." દીકરો કહે, "મારે મારા બાપ પાસે જવું છે." તેની માએ ન જવા દીકરાને ઘણું સમજાવ્યો, પણ દીકરો માન્યો નહિ અને પડોશીના એક છોકરાની સાથે બાપને ગોતવા નીકળ્યો. તેઓ બે મહિને એક રાત્રીએ કોઈ મઠ આગળ પહોંચ્યા. આ મઠનો મહંત જ આ છોકરાનો બાપ હતો. છોકરાની અને સાધુની ચાર આંખો ભેગી થઈ અને છોકરાને ઝાડા-ઊલટી શરૂ થઈ ગયાં.

મહંતે છોકરાની સાથેના માણસને કહ્યું, "તમે આને અહીંથી બીજે લઈ જાવ." પેલો કહે, "અમે રાત્રીએ ક્યાં જઈએ ? વળી, આને કોલેરા થયેલ છે માટે રાત્રી રહેવા દો." મહંતને થયું, "આને કોલેરા છે તે મઠમાં બીજાને પણ થશે માટે આને તો કાઢવો જ." પછી તો લાકડી લઈને આવ્યો અને કહ્યું, "નીકળી જાવ મઠની બહાર." પેલો માણસ કરગરતો રહ્યો, છતાં તેમને મઠ બહાર કાઢ્યા. છોકરો બરાડા પાડતો હતો, છતાં તેને લેશમાત્ર દયા ન આવી. અને તે બારણાં બંધ કરી સૂઈ ગયો.


બાપ-દીકરાની ચાર આંખો ભેગી થવાથી, છેવટે છોકરો મરી ગયો. સવારે માણસોનું ટોળું ભેગું થયું. છોકરાનો પડોશી કલ્પાંત કરતો હતો. માણસોએ પૂછ્યું, "તમે કોણ છો ? ક્યાંથી આવો છો ? આ મરી ગયો છે તે કોણ છે ?" પડોશીએ સઘળું વૃત્તાંત ગામના નામ-ઠામ સાથે કહેવા માંડ્યું. મહંતે અંદર રહીને સાંભળ્યું. તેને ખાત્રી થઈ કે આ તો મારો જ પુત્ર ! તે એકદમ બહાર આવ્યો. અને પોતાના મરેલા પુત્ર આગળ પોક મૂકીને રડવા લાગ્યો. "અરે ! મારા દીકરા, તારા મોતનું નિમિત્ત હું જ બન્યો."

છોકરો પોતાનો છે એવું જ્યાં સુધી જ્ઞાન નહોતું ત્યાં સુધી તેના વિષે હેત ન થયું. તેને મઠમાં રહેવા પણ ન દીધો, પણ જ્યારે ખબર પડી કે આ તો મારો પુત્ર હતો, ત્યારે છાતી કૂટવા લાગ્યો.

વહાલા ભક્તો ! જોયોને માયાનો ખેલ ? પોતાનું મનાય ત્યારે મમતા થાય છે. દેહને વિષે 'હું'બુદ્ધિ છે એટલે દેહના સંબંધીમાં મમત્વ થાય છે. મમતા જ દુઃખનું મૂળ છે. મમતા ટળે તો સુખ-શાંતિ થાય. દેહથી પોતાને જુદો આત્મા માને અને ભગવાન જ મારા છે એ સત્ય સમજાય તો મમતા ટળે.

**મમતા મનમાંથી જો તજે, સુખ શાંતિ જન તો સદા સજે;**
**મમતા દુઃખ કેરું મૂળ છે, મમતામાં જ સહસ્ર શૂલ છે.**

INDEX



# જ્ઞાનપ્રાપ્તિની પાત્રતા

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક વિદ્વાન પ્રોફેસર એક મહાત્મા સંતને મળવા તેમના આશ્રમે આવ્યા. તેમણે મહાત્માજીને કહ્યું, "લોકો કહે છે કે તમે ગીતાજીને રોજિંદા જીવનમાં આત્મસાત્ કરી છે. શું તમે કૃપા કરીને મને ગીતાજીનો કાંઈક સારો ઉપદેશ સમજાવશો ?"

મહાત્માજીએ પ્રોફેસર તરફ જોયું અને કહ્યું, "પ્રોફેસર, એ તો હું સમજાવું, પણ પહેલા તમે એક કામ કરશો ?" "હા, ચોક્કસ," પ્રોફેસરે કહ્યું. મહાત્માજીએ એક આંગણામાં ખૂણામાં મૂકેલા ઈંટોના ઢગલા તરફ આંગળી ચીંધીને કહ્યું, "શું તમે આ ઈંટોને સામેની બાજુ લઈ જશો ?"

પ્રોફેસરને થોડી મૂંઝવણ થઈ, પણ મહાત્માજી પાસેથી ગીતાનો ઉપદેશ સમજવાની ઉત્સુકતામાં તેમણે ઈંટોને મહાત્માજીએ કહ્યું તેમ ગોઠવી દીધી. થોડી વાર પછી મહાત્માજી ત્યાં આવ્યા ને ઈંટો જોઈને કહ્યું, "ઓહ ! મેં સામેની દિશામાં ગોઠવવાનું કહ્યું હતું, તેનો મતલબ આ જગ્યા ન હતી, પણ ત્રાંસી સામેની દિશામાં એટલે કે ઉત્તરીય ખૂણામાં ગોઠવવાની હતી. પ્રોફેસરે નિસાસો નાખતાં કહ્યું, "ઠીક, ચાલો એમ ગોઠવી દઉં."

પછી તે પ્રોફેસરે ફરીથી બધી ઈંટો ગોઠવી દીધી. પરંતુ તેમના હાથે ઉઝરડા પડ્યા અને તેમની પીઠ દુઃખવા લાગી. પછી હાંફતાં હાંફતાં મહાત્માજી પાસે આવીને કહ્યું, "કામ પૂરું થયું; હવે મહાત્માજી, કૃપા કરીને મને ગીતાનો ઉપદેશ આપો." મહાત્માજીએ ઈંટો જોઈને શંકા કરી કે, "પ્રોફેસર, આ ઈંટોની બાજુમાં બગીચાનો પ્રવેશ દ્વાર હોવાથી લોકોને અવરોધ નહિ કરે ? પ્રોફેસર, આપણે તેમને પૂર્વમાં ગોઠવીએ તો કેમ ?"


"પણ, બાપુ, ત્યાં તો પહેલાં હતી જ !" પ્રોફેસર ગુસ્સે ભરાયા, "હું પ્રોફેસર છું. મહાત્માજી, હું તમારી પાસે ગીતાનો સાર સમજવા આવ્યો છું અને તમે મારી સાથે એક મજૂર જેવો વ્યવહાર કરો છો. કદાચ તમે મને ગીતાનો ઉપદેશ આપવાને લાયક નહિ માનતા હો, અથવા કદાચ તમે તે ઉપદેશ એવી રીતે વ્યક્ત કરી શકતા નથી કે જે બીજા સમજી શકે."

મહાત્માજીએ કહ્યું, "મારા પ્રિય મિત્ર, આ તો મેં તમને ગીતાજીનો પ્રેક્ટિકલ ઉપદેશ આપ્યો. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનજીને કહે છે કે,

**तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।**
**उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ।।**
**(गीता : ४/३४)**

સદ્ગુરુ અને સત્શાસ્ત્રના સેવન થકી જેમને પરબ્રહ્મ વગેરે પાંચેય તત્ત્વોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હોય, એવા સદ્ગુરુને શરણે જઈને પ્રથમ તો તેમને સાષ્ટાંગ પ્રણામ કરવા. પછી તેમની મરજી મુજબ સેવા કરવી. ત્યારબાદ તેનાથી પ્રસન્ન થયેલા તે સદ્ગુરુને નાશવંત અને અવિનાશી વસ્તુઓના સ્વરૂપ સંબંધી પ્રશ્નો પૂછવા. આ રીતે અનુક્રમથી શરણાગતિ, સેવા અને જિજ્ઞાસારૂપ પ્રક્રિયા દ્વારા તું તે પાંચેય તત્ત્વોનું યથાર્થ જ્ઞાન જાણ-પ્રાપ્ત કર. અર્થાત્ જ્યારે તું આ રીતે કરીશ ત્યારે તે તત્ત્વોને દેખનારા અને જેમ છે તેમ જાણનારા એવા તે સત્પુરુષો તને તે બંને વસ્તુના જ્ઞાનનો ઉપદેશ કરશે.

વહાલા ભક્તો, શ્રીમદ્ ભગવદ્ગીતાજીનો આ શ્લોક આપણને વિવેક શીખવાડે છે કે, જેમની પાસે મોક્ષ સંબંધી જ્ઞાન મેળવવાનું છે, તે આપણા ગુરુ, સંતો કે મોટા ભક્તોને પહેલા તો સેવા કરીને અને તેમની સાથે દાસભાવે વર્તીને રાજી કરવા જોઈએ. જ્યારે તેઓ દિલથી રાજી થાય છે, ત્યારે તેઓ પોતાનું અનુભવસિદ્ધ આધ્યાત્મિક જ્ઞાન આપણને આપે છે.



# પુરુષોત્તમ શેઠની પેઢી...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

અમરેલી પાસે આંબા ગામ છે. વિક્રમ સંવત ૧૯૧૬ની સાલમાં ત્યાંના હરિભક્તોએ ગામમાં મંદિર કરવાનો નિર્ધાર કર્યો. બધા ભક્તોએ મળી મંદિર બાંધવાનું કામ શરૂ કર્યું. થોડા દિવસમાં ચણતરકામ પૂરું થયું, પણ મંદિર માળવાનું બાકી રહી ગયું. ગામમાં દેવશી ભગત લુહાર બહુ જ વિશ્વાસુ, મહિમા અને નિષ્ઠાવાન ભક્તરાજ હતા. તેમણે હરિભક્તોને કહ્યું કે, 'મંદિર તો પૂરું કર્યું પણ માળણ કામ બાકી રહ્યું છે એ પણ પૂરું કરી દેવું છે, એને માટે માળણનો સામાન (વળીઓ, દોરી વગેરે) બહારથી વેચાતો લાવવો પડશે તેનું કેમ કરશું ?' ત્યારે હરિભક્તો કહે, 'અમારી શ્રદ્ધા પ્રમાણે અમે બનતી સેવા કરી છે, હવે અમારાથી બીજી સગવડતા થાય એવું નથી.'

દેવશી ભગતની એવી કોઈ આર્થિક પરિસ્થિતિ સારી ન હતી, છતાં તેમણે નક્કી કર્યું કે, મંદિર તો પૂરું કરવું જ છે. પછી તેણે પોતાના દીકરાની વહુનાં ઘરેણાં અમરેલી એક સોની પાસે કરાવ્યાં હતાં, તે ઘરેણાં લઈને અમરેલી ગયા. ઘરેણાં સોનીને પાછાં આપીને તેના પૈસા લીધા. સાત સો રૂપિયા આવ્યા. તેમાંથી માળણ માટેનો સામાન ભાવનગરથી લાવીને મંદિર પૂરું કર્યું. પછી સંતોને તેડાવી મહારાજની મૂર્તિ પધરાવી, સંતોને રસોઈ આપીને જમાડ્યા અને ધોતિયાં ઓઢાડ્યાં.

દેવશી ભગતે પોતાના ઘરમાં જે કાંઈ ઘરેણાં વગેરે સંપત્તિ હતી તે બધી મંદિર માટે વાપરી નાંખી. હવે તેના ઘરમાં એક પણ ઘરેણું કે રૂપિયા નામે એક દોકડો પણ રહ્યો ન હતો, સાવ નિર્ધન થઈ ગયા. ગામના લોકોને પણ ખબર હતી કે, દેવશી ભગતે પોતાનું સર્વસ્વ મંદિર માટે ખર્ચી નાંખ્યું છે, હવે તેની પાસે કાંઈ છે નહીં.

હવે પરિસ્થિતિ એવી આવી કે ગામમાં તેઓ કાંઈક ઉછીના પૈસા લેવા જાય તો કોઈ આપે નહીં. અરે, ખાવા અનાજ કે પળી તેલ પણ કોઈ આપે નહિ એવી તેમની હાલત થઈ ગઈ.

આ બાજુ અમરેલીના સોનીએ દેવશી ભગતના વેવાઈને ચાડી કરી કે, દેવશી ભગતે તમારી દીકરીના ઘરેણાં વેચીને ગામમાં મંદિર કરાવ્યું છે. ત્યારે વેવાઈએ વિચાર્યું કે, ભગતની લાજ જાય એમ કરવું છે. તેથી તેણે દેવશી ભગતને કહેવડાવ્યું કે, 'અમારે અમારી દીકરીનાં લગ્ન આ ને આ વર્ષે કરવાં છે. અને જો નહિ કરો તો અમે એને બીજે પરણાવી દેશું.' આમ, દેવશી ભગતને મોટી મુશ્કેલી આવી પડી. વળી,

ગામના લોકો પણ ભગતની મશ્કરી કરવા લાગ્યા કે, "દાનેશ્વરીનો દીકરો થઈ છોકરાની ઘરવાળીનાં ઘરેણાં વેચી મંદિર કર્યું અને હવે લગ્ન કરવા તૈયાર થયો છે, તે ઓલી અમરેલીવાળીને શું પહેરાવશે ?" આમ બધા મદદ કરવાને બદલે મેણાં-ટોણાં મારવા લાગ્યા.

ઘરના માણસો પણ ચિંતા કરવા લાગ્યા કે ઘરમાં કાંઈ છે નહિ હવે શું કરશું ? પરંતુ દેવશી ભગતને તો ભગવાન સ્વામિનારાયણ પર પૂરો વિશ્વાસ હતો; એટલે ઘરના માણસોને ધીરજ આપતાં કહ્યું, "મહારાજ આપણી સાથે છે, શું કામ ચિંતા કરો છો ?" એમ કહી નરશી મહેતાનો પ્રસંગ કહ્યો કે, "જેમ શ્રીકૃષ્ણ ભગવાને શામળશાના લગ્ન કરી દીધા હતા, તેમ આપણા દીકરાના લગ્ન પણ શ્રીહરિજી કરી દેશે. લોકોને જેમ બોલવું હોય તેમ ભલેને બોલે, આપણે શ્રીહરિમાં વિશ્વાસ રાખી ભજન કરો." આમ, ભગવાન પર ભરોસો રાખી ભજન કરવા લાગ્યા.

**એહ ભરોસો ભીતરે, અચળ છે ઉરમાંય;**
**શરણાગતની શ્યામળા, સદા કરો છો સહાય.**

ભક્તવત્સલ ભગવાન સ્વામિનારાયણે એ જ રાત્રિએ દેવશી ભગતને દિવ્યરૂપે દર્શન આપીને કહ્યું, "હે ભક્તરાજ ! તમે જરાય ચિંતા કરશો નહિ, અમે તમારી સાથે જ છીએ. તમે અમારે અર્થે બહુ કર્યું છે. તમારા ઉપર હું અતિ પ્રસન્ન થયો છું. તમો દીકરાને લઈ અમરેલી પરણાવવા જજો, અમે આવીને બધું ઠીક કરી આપશું." એમ કહીને મહારાજ અંતર્ધાન થઈ ગયા.

પછી તેઓ દીકરાની જાન લઈને ગાજતે-વાજતે અમરેલી ગયા. જ્યારે માંડવામાં કન્યા પધરાવી ત્યારે વેવાઈએ ભગતની લાજ જાય તે માટે માંડવામાં જ ઘરેણાં તથા રૂપિયા માંગ્યાં. એમને મનમાં એમ કે ક્યાંથી ચૂકવશે ? પરંતુ એ જ સમયે શ્રીજીમહારાજ વણિકનો વેષ ધારણ કરીને આવ્યા. પોતે જરિયાની વસ્ત્ર ને ધોતી પહેરેલી છે, માથે અણિયાળી ટોપી ને હાથમાં છડી છે. સાથે થોડા માણસો છે ને એમની પાસે ઘરેણાં અને રૂપિયાની પોટલીઓ છે; એવી રીતે મહારાજ પધાર્યા. ત્યારે સહુ જોઈ રહ્યા કે આ કોણ ? મહારાજે માંડવામાં આવીને જેટલાં ઘરેણાં તથા રૂપિયા માંગ્યા તેટલાં ચૂકવી દીધાં અને કહ્યું, 'હવે જોઈએ તો બોલો.'

વેવાઈને લાગ્યું કે આ ઘરેણાં ખોટાં તો નહિ હોય ને ! પછી તેણે શંકાનું સમાધાન કરવા માટે સોનીને બોલાવીને તે ઘરેણાં બતાવ્યાં. ત્યારે સોની તે ઘરેણાં જોઈને આશ્ચર્યમાં ડૂબી ગયો અને બોલ્યો, "અહો ! આવું સોનું અને આવાં ઘરેણાં તો મેં મારી જિંદગીમાં ક્યારેય જોયાં નથી !!"

પછી ઘરેણાં ને રૂપિયા લઈને વેવાઈ કહે, "તમો કોણ છો ?" ત્યારે મહારાજ કહે, "અમે જૂનાગઢના પુરુષોત્તમ શેઠ છીએ અને આ પુરુષોત્તમ શેઠની પેઢીનો માલ છે !" શેઠના રૂપમાં રહેલ મહારાજની છટા જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. આમ, દિવ્યરૂપે આવેલા મહારાજ લગ્નનો તમામ ખર્ચ ચૂકવી દઈને પછી ચાલતા થયા અને ક્ષણવારમાં અદશ્ય થઈ ગયા. ત્યારે ત્યાંના લોકો શેઠને ગોતવા માંડ્યા, પણ ક્યાંય હાથ આવ્યા નહીં. પછી ધામધૂમથી દેવશી ભગતના દીકરાના લગ્ન થયા. આમ, મહારાજે દેવશી ભગતની લાજ રાખી.

વહાલા ભક્તો ! જેને જેને ભગવાન વશ થયા છે, જેનાં જેનાં ભગવાને કામ કર્યાં છે, એના જીવનમાં સમર્પણ જોવા મળે છે. દેવશી ભગતે ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને પણ જો મંદિર બંધાવ્યું તો મહારાજ રાજી થઈ એમનું કામ કરી ગયા. આવા સમર્પણ માટે જરૂર છે : નિષ્ઠા, મહિમા અને વિશ્વાસની. અને આ ત્રણેય વાનાં આવે છે ભગવાન અને મોટાપુરુષને રાજી કરવાથી. માટે જ્યારે જ્યારે જીવનમાં એમને રાજી કરવાનો અવસર આવે ત્યારે એ તક ચૂકવી નહિ, રાજી કરી લેવા.



# નિષ્ઠા ત્યાં પ્રતિષ્ઠા

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

મોરબીમાં ઠાકોર રવાજી રહેતા હતા. તેમની પાસે દેદલ કવિ રહેતા હતા. એક વખત સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાનના સંત સદ્.બ્રહ્માનંદ સ્વામીની સાથે દેદલ કવિનો મેળાપ થયો. કવિ કવિને સહેજે જ હેત થાય. બ્રહ્માનંદ સ્વામીએ દેદલ કવિને સ્વામિનારાયણ ભગવાનના મહિમા અને પ્રતાપની બહુ વાતો કરી. જેથી દેદલ કવિને સાચી વાત સમજાણી અને સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થઈ કંઠી ધારણ કરી.

દેદલ કવિ મોરબી ઠાકોર રવાજી પાસે રહેતા હતા. તેમની ઉપર ઠાકોરને ઘણો પ્રેમ હતો. એક વખત કોઈ માણસે ઠાકોરને કહ્યું કે, 'ઠાકોર ! તમારા દેદલ કવિ તો હવે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા ને કંઠી ધારણ કરી છે. અને તમે તેની ઉપર ઘણો પ્રેમ રાખો છો, પણ હવે કવિ તમારું માનશે નહિ હો !'

ઠાકોર કહે, 'અરે ! દેદલ કવિ તો માથું માગું તો માથું આપે એવા છે.' પેલો માણસ કહે, 'ઠાકોર ! હવે તે વાત ભૂલી જાવ. તમે કહો છો તેમ એ દેદલ કવિ હવે આપને માથું આપે એવું ન બને. જો તમે તેની પાસેથી કંઠી કઢાવી નાંખો તો હું માનું કે માથું આપે.'

ઠાકોરે દેદલ કવિને બોલાવ્યા અને કહ્યું, 'કવિરાજ ! આ કંઠી કોની ધારણ કરી છે ?' કવિ કહે, 'બાપુ ! એ તો સ્વામિનારાયણ ભગવાનની છે.' ઠાકોર કહે, 'અરે, કવિરાજ ! આ લપ ક્યાંથી ઊભી કરી ? કાઢી નાંખો, આપણે વળી કંઠી શાની ?'

કવિરાજ જરા વિચારમાં ઊંડા ઊતરી ગયા. તેમને થયું કે, 'ઠાકોરને કોઈએ ભરમાવ્યું લાગે છે, પણ ફીકર નહીં.' કવિરાજ ફોસી ન હતા. કવિએ શ્રીજીમહારાજને સંભારીને કહ્યું કે, 'બાપુ ! સ્વામિનારાયણ ભગવાનની આ કંઠી તો મારે માથા સાથે જડાઈ ગઈ છે, તે હવે નીકળે નહીં.'

ઠાકોર બોલ્યા, 'શું બોલ્યા કવિ ? જો કંઠી નહિ કાઢો તો તમારે મોટું દુઃખ ભોગવવું પડશે; માટે મારું માનો. અને જો કંઠી કાઢી નાંખો તો દસ હજાર કોરી ને એક ગામ આપું.' કવિ કહે, 'બાપુ ! તમે ગમે તેવી લાલચ આપો પરંતુ મારાથી કંઠી કાઢવાનું નહિ બને, તે તો મારા માથા સાથે જડાઈ ગઈ છે.'

**પૈસા માટે મૂકે નહિ, સાચો ભક્ત ભગવાન;**
**ધનને ધૂળ સમાન જાણે, એ જ પામે હરિ જ્ઞાન.**

ઠાકોર કહે, 'તો સવારના પહોરમાં મોરબીની હદ છોડી કુટુંબ સાથે ચાલ્યા જાજો.'

**પૈસા પ્રત્યે પ્રેમવાળો, છોડી દે હરિ જ્ઞાન;**
**હરિ તજી પૈસો પકડે, તે બહુ થાય હેરાન.**

**શૂરવીર ભક્ત ન જ મૂકે, ડરીને કદિ હરિ જ્ઞાન;**
**ફોસી ડરીને મૂકી દે, સત્સંગ ને ભગવાન.**

દેદલ કવિ કહે, 'ભલે બાપુ.' એમ કહી ઘેર આવ્યા. મનમાં વિચાર કરવા લાગ્યા કે, 'સવારના પહોરમાં કુટુંબ સાથે ક્યાં જવું ?' ત્યાં તો એમ થયું કે, 'હું તો સ્વામિનારાયણનો થયો છું. મારે ફિકર શી કરવી ? મહારાજને જ્યાં લઈ જવા હોય ત્યાં લઈ જશે.' એમ ભગવાનના વિશ્વાસે મહારાજનું ભજન કરવા લાગ્યા. ને એક કીર્તનની રચના કરી...

**મદદ કરોને મહારાજ, હણે અસાજી મદદ કરોને મહારાજ;**
**ગોપીનાથ ! મદદ કરો રે મહારાજ.. ટેક**
**કંઠી અસાજી બાંધી તો કારણ, રૂઠો રવાજી રાજ..ગોપીનાથ..૧**
**અધમ ઉદ્ધારણ પતિત પાવન, બાંય ગ્રહેજી લાજ..ગોપીનાથ..૨**
**પારસ પરસે લોહ રીયે તો, લોહજી વેંદી લાજ !..ગોપીનાથ..૩**

ત્યાં શ્રીજીમહારાજને થયું કે, 'દેદલ કવિની સગવડ મારે કરવી પડશે.' એમ વિચાર કરી માળિયા ઠાકોર મોડજીને સ્વપ્નમાં દર્શન દીધાં કે, 'સવારના પહોરમાં સાત ગાડાં મોરબી મોકલી દેદલ કવિને તમારી પાસે બોલાવી લ્યો.' પછી તો માળિયા ઠાકોર મોડજીએ તરત જ કવિને મોરબીથી માળિયા બોલાવી લેવા સાત ગાડાં મોકલ્યાં.

દેદલ કવિ પ્રભુ પાસે પ્રાર્થના કરતાં કીર્તન રચી રહ્યા હતા, ત્યારે છેલ્લી કડી રચવાની તૈયારી કરતા હતા; ત્યાં માળિયા ઠાકોર મોડજીએ મોકલેલ ગાડાં કવિ પાસે આવી પહોંચ્યાં. તેથી તે આનંદમાં દેદલ કવિએ ઉત્સાહ સાથે અંતિમ કડી રચી...

**દેદલયે દુઃખ દૂર કર્યાં છે, મોડ રીજીયો મહારાજ.. ગોપીનાથ..૪**

પછી દેદલ કવિ માળિયા આવ્યા. ત્યાં માળિયા ઠાકોરે તેમને રહેવાની, ખાવા-પીવાની બધી જ તજવીજ કરી આપી.

એક માસ થયા પછી શ્રીજીમહારાજે મોરબી ઠાકોર રવાજીને એવી પ્રેરણા કરી કે, 'દેદલ કવિને તમે ખોટી રીતે દેશનિકાલ કર્યા છે. તેમણે કંઠી ધારણ કરી અમારો આશરો કર્યો તેમાં ખોટું શું કર્યું ?' આમ મહારાજે કહ્યું. તેથી રવાજીને દેદલ ભગતનો એવો ગુણ આવ્યો કે, 'મેં તેમને દસ હજાર કોરી ને એક ગામની લાલચ આપી, છતાં તે લાલચમાં પણ ન લેવાયા અને દુઃખ સહન કરવા તૈયાર થયા; પરંતુ કંઠી તો ન જ કાઢી. માટે ધન્ય છે તેમની ટેક ને..!' એમ મહિમા જાણી માણસને માળિયા મોકલી દેદલ કવિને મોરબી પાછા બોલાવી લીધા અને જેમ પ્રેમથી રાખતા હતા, તેમ રાખવા માંડ્યા.

કવિ માળિયાથી મોરબી જવા નીકળ્યા ત્યારે માળિયા ઠાકોર મોડજીને 'જય શ્રીસ્વામિનારાયણ' કહી આભાર માની રજા માગી મોરબી આવ્યા. ધન્ય છે આવા શૂરવીર ભક્તને કે જે દુઃખ સહન કરવા તૈયાર થયા, પણ કંઠી કાઢી નહીં.

વહાલા ભક્તો ! દેદલ કવિના જીવનમાંથી આપણે પણ ભગવાનની નિષ્ઠા અને વિશ્વાસ દઢ કરીએ. આપણા જીવનમાં પણ ભગવાન, સંતો-ભક્તો અને સત્સંગને જ પ્રધાન રાખવા. ગમે તેવા લોભ કે લાલચમાં લલચાયા વિના ભગવાનની, સંતો-ભક્તોની અને સત્સંગની દઢ નિષ્ઠા રાખવી, એમનો જ પક્ષ રાખવો. **સર્વે જતું કરીને પણ સત્સંગ મુખ્ય રાખવો, તો મહારાજ આપણી સર્વ પ્રકારે રક્ષા કરશે.**



# એક સધે સબ સધે, સબ સધે સબ જાય

લેખક : સાધુ સંકીર્તનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ગત વેકેશનમાં ગુડ્ડુ સંતો પાસેથી તબલા તો શીખ્યો હતો અને ઘણી વાર તે બાળસભામાં વગાડવા પણ લાગ્યો. પણ આ વખતે તો ૧૦માની એક્ઝામ ગઈ એટલે હાશકારોય મોટો અને વેકેશનય મોટું. ગુડ્ડુએ વિચાર્યું કે, પૂ.ગુરુજીએ સંગીત શીખવાની આજ્ઞા કરી છે માટે આ વખતે તો ગિટાર, પિયાનો અને ઓક્ટોપેડ ત્રણેય શીખવાનું સ્ટાર્ટ કરી દઉં. તેણે પપ્પાને વાત કરી અને પૂ.ગુરુજીની મરજી જાણી પપ્પાએ પણ હા પાડી. અને બીજા જ દિવસે તે એક મ્યુઝિક એકેડમીમાં દાખલ થઈ ગયો. સંગીતનો શોખીન તો પહેલેથી જ હતો અને હવે તો લાઈસન્સ મળી ગયું. થોડા દિવસ ગયા અને પપ્પા પાસે જીદ કરી નવો casio અને octopad પણ લઈ લીધાં. પણ એકેડમીમાં ઘણા બધાને ગાતા જોઈ તેને થયું, હું તો નાનપણથી કીર્તન ગાઉં છું. તો સાથેસાથે થોડું વોકલ પણ કરી લઉં તો ઓલરાઉન્ડર થઈ જઈશ. તેથી તેના ફ્રેન્ડ પાસેથી વોકલ ટીચરે શું શીખવાડ્યું તે જાણી ચોરીચૂપે તેની પણ પ્રેક્ટિસ કરવા લાગ્યો. ગયા વેકેશનમાં તો ફક્ત તબલા જ હતા, પણ આ વખતે તો ભાઈને ચાર ચાર આઈટમ મળી ગઈ. ગિટારમાં કંટાળો ચડે એટલે પિયાનો પકડે, અને પિયાનોમાં થાકે તો ઓક્ટોપેડ મંતરે. કોઈ સમય નક્કી કરી એકસરખી પ્રેક્ટિસ તો ફાવે જ નહીં. અને વળી જો કોક વચમાં ક્રિકેટ માટે બોલાવે તો હુડુડુડુ હુબ કરતો ભાગી જાય. ટાંટિયો ટકાવીને બેસે તો એ ગુડ્ડુ શાનો ? આમ ને આમ આનંદ મસ્તીમાં અઢી મહિના જતા રહ્યા.



અનાયાસે કોઈ કામસર સંતો અમદાવાદ પધાર્યા. અને તેના પપ્પાએ અભરખા સાથે સંતોને ગુડ્ડુની વાત જણાવી. તેથી સંતોએ ગુડ્ડુને બોલાવીને પૂછ્યું કે, બેટા ! ગિટારમાં ત્રીજા તારને કયા સૂરમાં મેળવવો પડે ? જવાબ શું આપે ? કાંઈ ખબર જ નહોતી. તેથી સ્વામીએ કહ્યું, ચાલ પિયાનોમાં સ્કેલ વગાડી બતાવ. અને માંડમાંડ બે સ્કેલ વગાડ્યા, ત્યાં તો વારેવારે આંગળી ફસાય. ઓક્ટોપેડમાં પણ હજી સ્ટીક પકડતા જ ફાવ્યું નહોતું. આ બધું જોઈ સંતોએ ગુડ્ડુને કહ્યું, બેટા ! ગિટાર-પિયાનોમાં ટીંગ ટીંગ, પીંગ પીંગ કરવાથી કે ઓક્ટોપેડને ગમે તેમ ઢીબ ઢીબ કરવાથી કાંઈ નહિ આવડે. મારું માન તો કોઈ એક ફિલ્ડ પકડી સતત તેની પ્રેક્ટિસ કરવા માંડ. આમાં તો તારો સમય પણ બગડ્યો અને તારા પપ્પાના પૈસાય બગડ્યા. અને એક સૂત્ર હંમેશાં યાદ રાખજે, **"એક સધે સબ સધે, સબ સધે સબ જાય"**

વહાલા ભક્તો, આપણે પણ ઘણી વાર ગુડ્ડુની જેમ ઓલરાઉન્ડર થવા કે મોટા અભરખા સાથે દિશારહિત કેવળ

વ્યર્થ મહેનત કરતા હોઈએ છીએ. પરિણામે આપણો સમય અને શક્તિ પણ બગડે છે અને અંતે કાંઈ હાથમાં આવતું નથી. પૂ.ગુરુજી ઘણી વાર કહે છે કે, 'પાણીની જરૂર હોય તો દસ જગ્યાએ પાંચ પાંચ ફૂટના ખાડા કરવા કરતાં એક જગ્યાએ ૫૦ ફૂટનો કૂવો ખોદીએ તો ચોક્કસ પાણી મળે, નહિતર તરસ્યા મરીએ.' ઇતિહાસમાં નજર કરીએ તો જેમણે જેમણે એક ધ્યેય પાછળ દૃઢતા રાખી મહેનત કરી છે તેમના જ ધ્યેય સિદ્ધ થયા છે, તેમને જ કાંઈક મળ્યું છે અને તેમના દ્વારા જ સૌને કંઈક પ્રાપ્ત થયું છે.

એકવાર વિચારીએ કે, જો આઈન્સ્ટાઈન કરિયાણાની દુકાન ચલાવતા હોત તો ખગોળશાસ્ત્ર અહીં સુધી પહોંચ્યું હોત ? થોમસ આલ્વા એડિસને દસ-પંદર ટ્રાય કર્યા પછી બલ્બ શોધવાને બદલે ફાનસ વેચવાનો ધંધો કર્યો હોત તો દુનિયામાં આવી ઝગમગાટ હોત ? ડો.એ.પી.જે અબ્દુલ કલામે indigenousનું સ્વપ્નું સેવ્યું જ ન હોત તો ભારતનું હવાઈદળ આટલું મજબૂત હોત ? પણ આવા વિરલ વ્યક્તિઓએ એક ધ્યેય પાછળ અથાગ પ્રયત્ન કર્યો, તેના પરિણામે અનેક અઘરાં કાર્યો સરળતાથી સિદ્ધ થઈ ગયાં. જો કોઈ ખરા દિલથી મંડાઈ પડે તો તે ઉત્તર ભારતના દશરથ માંઝીની જેમ ગામડા ગામનો સામાન્ય માણસ હોય, તોપણ હથોડા ટાંકણા વડે પર્વતમાં રસ્તો કરવારૂપી અજોડ કાર્ય કરી શકે. પણ આજના ઝડપી યુગમાં સૌને ઝડપથી પૈસાવાળા થાવું છે માટે ત્રણ-ચાર ધંધા એકસાથે કરે. શું રિલાયન્સ પહેલેથી પેટ્રોલ-ડીઝલ વેચે છે ? પહેલેથી જીઓ ચલાવે છે ? ના, પહેલાં તો એકમાત્ર કાપડથી શરૂઆત થઈ. પછી તેમાં સફળતા મળતાં અન્ય ક્ષેત્રો ઉમેરાતાં ગયાં. માટે જ જગતમાં કહેવાય છે –**"એક રહો નેક રહો"**



એક ભાઈ પાણીનું પૂર આવતાં માતાજીને પ્રાર્થના કરવા લાગ્યો. હજુ એક મિનિટ પૂરી થાય તે પહેલાં તો હનુમાનચાલીસા ચાલુ કરી. અને લાગ્યું કે હનુમાનજી નહિ આવે માટે રામ ભગવાનને યાદ કરી લઉં; એમ વારાફરતી બધાને સંભાર્યા. છેવટે તે ડૂબી ગયો અને નરકમાં ગયો. ત્યાં તેણે યમરાજાને પ્રશ્ન કર્યો કે, 'કોઈએ મને કેમ ન બચાવ્યો ?' ત્યારે તેમણે કહ્યું, 'તારા જેવાને કોણ બચાવે. તને બચાવવા માતાજી તૈયાર થયાં ત્યાં તેં હનુમાનજીને યાદ કર્યા તે રસ્તામાં હતા ત્યાં તો તેં રામને સંભાર્યા. ખરેખર તને કોઈની નિષ્ઠા નથી.' 'અમે તો બધાને માનીએ કોઈ વાડામાં ન માનીએ.' આવું કહેનારા રેઢિયાળ ઢોરની જેમ હડધૂત થાય છે અને **'એકનિષ્ઠ જ સર્વત્ર પ્રતિષ્ઠિત થાય છે.'**

આપણે પણ આપણને મળેલા ભગવાન સ્વામિનારાયણનો અનન્ય આશરો, નિષ્ઠા રાખીએ અને ગમે તેવાં સુખ-દુઃખ આવે, તોપણ નિઃસંશયપણે તેમને જ શરણે રહીએ, તો નિશ્ચય આ લોક-પરલોકમાં મોટા સુખને પામીએ. વળી, સર્વ સુખના ધામ એવા પુરુષોત્તમનારાયણને પામવા માટે કોઈ એક સાચા સદ્‌ગુરુનું છત્ર સ્વીકારીને તેમને જ સમર્પાઈને રહીએ તો જરૂર તેમની પ્રસન્નતા અને આશીર્વાદ મળતાં શ્રીહરિ મળે જ. પણ આપણે તો સૌ સંતો સમાન એમ માનનારાને આ પ્રાપ્તિ કદી ન મળે. હા, **'આદર સૌનો હોઈ શકે, પણ આસ્થા તો એકની જ હોવી જોઈએ.'**

જેમ કોઈ રાજ્યને જીતવા તેના તમામ ગામોને જીતવાં જરૂરી નથી, એક રાજધાની જિતાઈ ગઈ તો સમગ્ર રાજ્ય જિતાય જ ગયું; તેમ કામ, ક્રોધ આદિ તમામ દોષોને જીતવા માટે તેના ઉદ્‌ગમસ્થાન એવા એક દેહાભિમાનને બ્રહ્મભાવ તથા ધામભાવનો અભ્યાસ કરી જીતી લઈએ તો બાકીના તમામ દોષો આપોઆપ જ જિતાઈ જાય. વળી, રાજ્યના અનેક સીમાડાઓથી થોડા થોડા સૈનિકો પ્રવેશે તો રાજધાની સુધી કદી પહોંચી ન શકે, પરંતુ એક જગ્યાએથી હજારો સૈનિકો પ્રવેશે તો ટૂંકસમયમાં રાજધાની પ્રાપ્ત થાય; તેમ પંચવિષય તથા માનાદિના સુખમાં આપણી વૃત્તિરૂપી સેના વહેંચાઈ જાય તો કદી સર્વ સુખનું કેન્દ્ર એવી મહારાજની મૂર્તિને પામી ન શકાય. **માટે જે સિદ્ધ કરવાથી તમામ સાધના પૂર્ણ થાય છે તેવી પુરુષોત્તમનારાયણની મૂર્તિને પ્રાપ્ત કરવા ચાલો મંડાઈ પડીએ.**



# આપણું ડ્રાઈવિંગ કેવું છે ?

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

'રોહન ! સાંભળ્યું છે કે તારે ડ્રાઈવિંગ કરવા બાબતે થોડું સુધારવા જેવું છે; તો થોડું ધ્યાન દઈને એ બાબતે જરા...' "કોણે કહ્યું મારું ડ્રાઈવિંગ સારું નથી ! ૮ વર્ષથી ગાડી ચલાવું છું. સાપુતારા પ્રવાસમાં ગયા હતા ત્યારે પણ છેક સુધી હું જ ગાડી ચલાવતો હતો. ગમે તેને પૂછી જુઓ, આજ સુધી એક્સિડન્ટ તો શું ! એકેય વખત ગાડીનો સાઈડ ગ્લાસ તૂટ્યો હોય એવું પણ બન્યું નથી. જનરલી અમદાવાદથી સુરત પહોંચતાં બીજાને ચાર કલાક નીકળી જાય, પરંતુ મારી ગાડી સવા ત્રણ કલાકમાં તો સુરતમાં એન્ટ્રી કરી જાય. રસ્તો ગમે તેવો કેમ ન હોય, ટ્રાફિકમાં પણ મારી ગાડીની સ્પીડમાં કોઈ જ ફેર ન પડે. પંચર પડ્યું હોય તો ટાયર બદલતા મારે નવ મિનિટથી વધારે વાર ન લાગે. આ બધી બાબતે મિહિર વગેરે કેટલાક યુવકો હજુ બે દિવસ પહેલાં જ મારાં વખાણ કરતા હતા; આમ છતાં કોઈ મારું ડ્રાઈવિંગ સારું નથી એમ બોલતા હોય તો મારે એનું નામ જાણવું પડશે."

માત્ર પોતાની પોઝિટિવ બાબતને જ મમળાવ્યા કરતા આ ભાઈને કોણ કહે કે, તમને ગાડી આવડે છે એ તમારી માન્યતા ખૂબ ટૂંકી અને તથ્ય વિનાની છે. તમારી વીકનેસ બતાવનારનું નામ જાણવાની તમારી ત્વરા; એ તમારો અહંકાર છે. કોણ ઓળખાવે કે સારાં પાસાંઓ દર્શાવી મોળાં પાસાંને ઢાંકી દેવાની તમારી કોશિશને બચાવ કહેવાય. આવો બચાવ કરીને તમારી ખામી ઢાંકી દેવાથી ખામી તો કોઈ પ્રકારે નહિ ટળે; ખામી ટળાવનારા હિતચિંતકો ચોક્કસ ટળી જવાના, અર્થાત્ તમારી ભૂલ ઓળખાવી શકે એવી વ્યક્તિની સંખ્યામાં ઘટાડો થઈ જવાનો.

ખરા અર્થમાં ગાડી ચલાવતા આવડે છે કે નહીં ? તેનું સાચું મૂલ્યાંકન ગાડીમાં બેસનાર વ્યક્તિઓ જ સારી રીતે કરી શકે છે; ગાડી ચલાવનાર ડ્રાઈવર નહિ; કેમ જે, ડ્રાઈવરના મનમાં તો આ અંગેની વ્યાખ્યા સ્વતરફી અને મનમાની હોય છે. ગાડી ચલાવતા કોને આવડી કહેવાય ? એ પ્રશ્નનો સાચો જવાબ તો ગાડીમાં બેસનારને એકબાજુ લઈ જઈને પૂછો ને તે કોઈની શેહશરમ રાખ્યા વગર જેમ છે તેમ કહે તેનાથી જ મળે. તો ચાલો, આ બાબતે આપણે એવા જ એક પીઢ અનુભવી ભક્ત રમણકાકાને પૂછી લઈએ...

'રમણકાકા ! આપે આજ સુધી ઘણું ટ્રાવેલિંગ કર્યું છે તો કહો... જલ્પેશ, રોહન, હર્ષ અને વિજયભાઈ આ ચારના ડ્રાઈવિંગ બાબતે આપનું શું મંતવ્ય છે ?' ચોખ્ખાબોલા રમણકાકાએ થોડું વિચારીને સ્પષ્ટ શબ્દોમાં બોલવા માંડ્યું, "મારી દૃષ્ટિએ સૌથી સારું ડ્રાઈવિંગ હર્ષનું કહેવાય." "કાકા ! કેમ ખબર પડે કે બીજા બધા કરતાં તેનું ડ્રાઈવિંગ સારું છે ?" રમણકાકાએ કહ્યું, "હર્ષની ગાડીમાં અને અન્યની ગાડીમાં બેસી બંનેની કમ્પેર કરો ત્યારે જ તમને પ્રેક્ટિકલ ફરક જણાય. મને તો અનુભવ છે; હર્ષનું ડ્રાઈવિંગ એવું સેફ અને સુખદાયક કે ન પૂછો વાત. તેની ગાડીમાં બેઠા હોઈએ તો પેટમાં પાણી પણ ન હલે. છ-છ કલાક ટ્રાવેલિંગ કરવામાં પણ તમને જરાય થાક ન લાગે. હડદા તો નામે ન આવે. તમતમારે સુખેથી ઊંઘી જાવ ને ! કોઈ જ ચિંતા નહીં. વળી, સીટબેલ્ટ બાંધવાની પૂ.ગુરુજીની આજ્ઞામાં તે કોઈ વાતે કોમ્પ્રોમાઈઝ કરતો જ નથી. બેલ્ટ બાંધ્યા પછી જ ગાડી ચાલુ કરવાનો તેનો નિયમ એ ચાર વર્ષથી બરાબર પાળે છે. આ બધું જોતા-અનુભવતા મને હર્ષનું સારું લાગે છે.

હા, સાથોસાથ આ બાબતે રોહનનું પણ કહી દઉં. રોહન ગાડી ચલાવે ત્યારે આપણો શ્વાસ ઊંચો રહે. થોડી ઘણી ઊંઘ આવી હોય એય બમ્પ આવે એટલે ઊડી જાય. રોહન ડ્રાઇવિંગ કરતો હોય એટલે આપણે સમજી જ રાખવાનું કે ઘરે પહોંચીને તરત સર્વે અંગોને રેસ્ટ આપવો જ પડશે. હા, તે બીજા કરતાં આપણને ૧૫ મિનિટ વહેલા જરૂર પૂગાડી દે; પરંતુ આપણા માટે અમદાવાદને બદલે અક્ષરધામ ક્યારે આવી જાય એનું કાંઈ જ નક્કી નહીં. સ્પીડબ્રેકર વખતે તેની શોર્ટ બ્રેક આપણને એવા ફંગોળી દે કે આગળની સીટ જાણે આપણી માલિકીની બની જાય. ગાડીમાં જાણે કે માણસને બદલે માલસામાન કે પથરા ભર્યા હોય એમ ઉલાળતો જાય. ગાડીમાં બેઠેલાની કેવી દશા થતી હશે એની એને કાંઈ પડી ન હોય. બસ એને તો એક જ ધૂન કે... 'મને ધીમી ગાડી ન ફાવે.' મેં એને આ બધી બાબતે ઘણી વાર ટોક્યો છે પણ હજુ કોઈ ફેરફાર...

આવું રફ ડ્રાઇવિંગ કરનારની ગાડીમાં બેસનાર કદાચ તેને મોઢામોઢ ભલે ન કહે; પણ અંતરમાં તો ચોક્કસ સમજે કે ગાડી ચલાવવામાં કાંઈક ફેર છે. અરે, એકની એક જ ગાડી ચલાવનારા બે ડ્રાઈવર હોય તેમાં પણ સુજ્ઞને તેનો ખ્યાલ આવી જાય કે, ઓ ભાઈ ચલાવતા હતા ત્યારે જેવો આરામ મળતો હતો તેવો આરામ આ ભાઈ ચલાવે છે એમાં નથી મળતો. ડ્રાઈવર ભાઈઓ મને માફ કરે... કેટલીક વાર સ્થૂળભાવમાં જીવનારા ડ્રાઈવરોને પોતાને એ ખ્યાલ જ નથી હોતો કે ડ્રાઇવિંગ કરવા બાબતે મારે પણ આવી બધી ઘણીક ભૂલો થાય છે. ને કેટલાકને ખ્યાલ આવતો હોય તો એ અહંકારવશ પોતાની ભૂલ સ્વીકારવા તૈયાર નથી હોતા. તેઓ પોતાની ભૂલને કેમેય પોતાની માથે આવવા ન દેતાં સામેની વ્યક્તિ, પરિસ્થિતિ કે સંજોગો પર ઢોળી દેતા હોય છે. પોતાની કમજોરી પર કેન્દ્રીકરણ ન કરનાર આવા સ્વકેન્દ્રિત લોકો કદી સાચા અર્થમાં ડ્રાઈવર નથી બની શકતા.

જલ્પેશ અને વિજયભાઈનું ડ્રાઇવિંગ આમ તો રોહનની અપેક્ષાએ થોડું ઘણું સારું છે, પણ હર્ષ તો હર્ષ છે. એકવાર મેં તેને આ બાબતે પૂછતાછ કરવા માંડી તો તેમાંથી મને બહુ મોટું આધ્યાત્મિક રહસ્ય પણ જાણવા મળ્યું. એ રહસ્ય છે... પ્રગટભાવ. હર્ષ જ્યારે પણ ગાડી ચલાવવાનું શરૂ કરે ત્યારથી એવું અનુસંધાન રાખે છે કે, 'મારી બાજુની સીટમાં મારા મહારાજ સાક્ષાત્ બિરાજે છે. ને પાછળની સીટમાં પૂ.ગુરુજી અને સંતો બેઠા છે.' બસ આ ભાવને લઈને જ હર્ષની ગાડીમાં... અરે, સાચું કહું તો એના જીવનમાં પણ કોઈ પ્રકારના રોદા નથી આવતા. તે સમયે સમયે સંતો-ભક્તોને મળીને જીવનરૂપી ગાડીમાં પેટ્રોલ પુરાવી લે છે, તેમનાં સૂચનોને અનુસરીને એ મુજબ ડાયવર્ઝન લેતો રહે છે, જરૂર પડ્યે તરત જ ગાડીને સર્વિસ કરાવી લે છે. વળી, નિજદર્શન કરતા રહીને તે જીવનરૂપી ગાડીમાં સમયે સમયે ટાયરની હવા, ઓઈલ, કુલન્ટ પાણી વગેરે આ બધું ચેક કરતો રહે છે. તેથી તેની ગાડી રોડ ઉપર અટકીને ઊભી નથી રહી જતી. ને મોત નીપજાવનાર એક્સિડન્ટ તો ક્યારેય નથી થતો."

વહાલા ભક્તો ! ખેર, આ લૌકિક માર્ગમાં આપણે ખરા અર્થમાં ગાડીના ડ્રાઈવર બની શકીએ-ન બની શકીએ; આધ્યાત્મિક માર્ગમાં તો સુજ્ઞ ડ્રાઈવર બનવું જ પડશે. આ માર્ગે આપણે એવી રીતે ડ્રાઇવિંગ કરી જાણવાનું છે કે કોઈ પણ સંજોગોમાં પ્રભુપ્યારા સંતો-ભક્તો સાથે આપણે અથડાઈ ન જઈએ. જેમ કુશળ ડ્રાઈવર ગમે તેવા ટ્રાફિકમાં પણ રસ્તો કરી લે છે, તેમ આપણે ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ આપણો મોક્ષ મેળવી લેવાનો છે. પોતાને કે સામાને ઈજા ન પહોંચે એવી સાવધાનીથી અને નિશ્ચિત સમયે મંજિલ સુધી પહોંચી જઈએ એટલી સ્પીડથી ગાડી ચલાવવાની છે. જો આપણે 'મને ડ્રાઇવિંગ આવડે જ છે' એમ માની પોતાની ભૂલો છાવરીશું તો સુધારો નહિ થાય. પછી મોટા કદાચ નભાવી તો લેશે; ક્યારેક તેઓને મને-કમને આપણી પાસે ડ્રાઇવિંગ પણ કરાવવું પડશે, પરંતુ આ સેવા દ્વારા આપણે તેમને જોઈએ એવા સુખરૂપ નહિ થઈ શકીએ.

હા, ફ્રી ઓફ ચાર્જ ડ્રાઇવિંગ શીખવનારા અનુભવી સંતો-ભક્તોનો સાથ અને માર્ગદર્શન લઈને જો આપણે વહેલી તકે જીવનરૂપી ગાડી ચલાવવાનું સારી રીતે શીખી લઈશું, તો સર્વાત્મા શ્રીહરિ અને તેમના લાડલા મુક્તોના સેવક તરીકે આપણે તેમના ઉપયોગમાં આવી શકીશું. વળી, નિશ્ચિત સમયે નિશ્ચિત સ્પીડથી અક્ષરધામરૂપી ડેસ્ટિનેશનને પામી મહારાજનો મહાઆનંદ પણ પામી શકીશું.

# DAMAGE

લેખક : સાધુ મૂર્તિસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



સમયની સાથે સંગ બદલાય તો જીવન પણ બદલાઈ જાય; એવી જ એક વાત છે..... હેમાંગ એક સામાન્ય છોકરો હતો, પણ એના વિચારો, એની જીવનશૈલી બાકીના છોકરાઓથી કંઈક આગવી હતી. સંસ્કાર અને સત્સંગને લીધે તે બાળપણથી જ ભગવાનમાં અનન્ય શ્રદ્ધા રાખતો. ભગવાન અને ભગવાનના વચનમાં ખૂબ વિશ્વાસી એવો હેમાંગ પૂજા કર્યા વગર તો તેના દિવસની શરૂઆત ન કરતો. તેના શાળાના મિત્રો જ્યારે વિડિઓ ગેમમાં, મોબાઈલમાં કે પાર્ટી કરવામાં વ્યસ્ત રહેતા; ત્યારે હેમાંગને સત્સંગ પ્રત્યે આગવો લગાવ હોવાથી તે મંદિરની સેવામાં વ્યસ્ત રહેતો.

માતા-પિતાએ આપેલા સંસ્કાર તેનું આવું જીવન બનવાનાં મુખ્ય કારણ હતાં. દરરોજ સાંજે ભજન, દોહા, ધૂન અને સત્સંગ; એ તો તેની રોજનીશીનો એક ભાગ હતાં. હેમાંગનાં સંસ્કાર અને પ્રવૃત્તિ જોઈ; જોનારનું મન હેમાંગને ભવિષ્યમાં સાધુ બનવાની કલ્પના કરવા મજબૂર કરતું. તેને મળેલા સંતના સંગને કારણે આ બધું થઈ રહ્યું હતું. પણ..... કહેવાય છે ને સમય બળવાન હોય છે. આ પરિવર્તિત જમાનામાં સમયની સાથે બધું બદલાઈ જાય છે. ઘણી વાર ઈચ્છાઓ નહિ, પણ સંજોગો ઘણું બધું બદલી નાખે છે.

કોલેજમાં પ્રવેશ બાદ હેમાંગને એક નવા શહેરમાં રહેવાનું થયું. ત્યાંનું વાતાવરણ કંઈક અલગ હતું. અજાણ્યા અને પ્રલોભનથી ભરેલા આ વાતાવરણનું વર્ચસ્વ સારા વ્યક્તિને પણ બદલી નાખે એવું હતું. તેનું જીવન સત્સંગપ્રધાન હોવાને કારણે શરૂઆતમાં તો હેમાંગ પોતાના નિયમોમાં અડગ રહ્યો, પરંતુ હવે તો તેનો સંગ બદલાઈ ગયો. ધીરેધીરે એ નવા મિત્રો સાથે સાંજના સમયે ફરવા નીકળવા લાગ્યો. મિત્રો તેના જેવા નહોતા.

તેઓ કહેતા કે, 'આવડી મોટી જિંદગીમાં કંઈક નવું કરો... હંમેશાં પૂજાપાઠ જ કરો છો, જરાક એમાંથી બહાર આવી આ રંગીન દુનિયાને તો જુઓ. થોડું મોજ કરો યાર....

**જ્ઞાન શબ્દોનું ઝેર તો, હોય છે ખતરનાક;**
**સાવધ જો ન રહો તો, જરૂર કપાવે નાક.**

કહેવાય છે ને કે, "જેટલું ઘૂંટો એટલું પાકું થાય." બસ, એ જ ન્યાયે દરરોજની આવી વાતો, આ સંગ અને શહેરનું મોહજાળ વાતાવરણ ધીરેધીરે હેમાંગના વિચારોને ખસેડવા લાગ્યું. 'જિંદગી તો એક જ વખત મળે છે, માટે એને માણી લેવી.' એમ કહેનારા મિત્રો સાથે સમય પસાર કરતાં કરતાં



એ પોતે કોણ છે એ ભૂલવા લાગ્યો. હવે તો હેમાંગને સત્સંગને બદલે મિત્રસંગનો પ્રભાવ પડવા માંડ્યો. જોતજોતામાં એક એવી સાંજ આવી કે, બધા મિત્રોએ પાર્ટી રાખી હતી અને તેમાં હેમાંગ હાજર હતો. ત્યાં એની સામે એક ગ્લાસ આવ્યો; જે તેના પરિવર્તનની હદરેખા જેવો હતો. તેણે ઘણો વિલંબ કર્યો, પણ અંતે વિચારો કરતાં કરતાં સંકોચ રાખતાં રાખતાં એણે પી લીધું. 'આ તો ફક્ત એક જ વખત, બસ પછી તો ક્યાં પીવું છે.' એમ તે પોતાની જાતને સમજાવતો અને સાચી સમજણને સંતાડતો હતો. અને ત્યારબાદ 'ખાલી એક જ વખત' વાળી પોતે બનાવેલી રેખા હવે ધૂંધળી થવા માંડી. એક વખતનો નબળો નિર્ણય હવે તેને મજબૂર બનાવવા માંડ્યો.

**કુસંગીનો સંગ નઠારો, કરવો નહીં જરાય;**
**રજય થૈ જાય તોય પણ, જ્ઞાન બહુ જ્યાન થાય.**

ભજનની જગ્યાએ હવે ખૂબ શોર ગૂંજવા માંડ્યો અને સત્સંગના આનંદને બદલે રાતભરની મોજમસ્તી. વળી, તેનાં નિયમો અને પ્રભુ પ્રત્યેની લગન; માત્ર યાદો બની રહ્યાં હતાં. સત્સંગમાંથી મળતો સ્નેહ તો ક્યાંય ગાયબ થઈ ગયો હતો. પહેલાં પ્રેમથી થતી સવારની પૂજા હવે માત્ર એક ફરજ બનીને રહી ગઈ. ભાવ સાથે જીવવાને બદલે માત્ર રોજનીશી કરવામાં આવી રહી હતી. પહેલાં પ્રેમભરી લાગતી આરતીની ધૂન પણ હવે સૂની લાગવા માંડી. હેમાંગ જાણતો હતો કે, તેનો સત્સંગ, નિયમો હવે 'Damage' થઈ ચૂક્યા છે. એક બદલાવમાં તરતી નાવ હવે ડૂબવા માંડી હતી અને એ નાવ Damage થવાનું કારણ હતું : "ખરાબ સંગનો પ્રભાવ."

આ દુનિયાના પ્રલોભનો મુમુક્ષુને બહુ જ ડેમેજ કરે છે. એક ભગવાનને પામવાના ટ્રેક પર ચાલવામાં વિઘ્નરૂપ થાય છે. તેથી હંમેશાં એવા અનુભવી મોટા માથે રાખવા પડે છે. આપણા ધ્યેયને ડેમેજ કરનારાં ઘણાં પાત્રો છે. માટે તેનાથી બીતા રહેવું જોઈએ અને ધ્યેયને તાજો રખાવે એવા મોટાપુરુષ મીઠા મધ જેવા લાગવા જોઈએ; તો જ માયા ડેમેજ ન કરે.

**જ્ઞાનનો દૃઢ ઠરાવ હોય, મિત્રની હોય સહાય;**
**હરિ સંતના આશિષ હોય, તો જ ડલથી બચાય.**

હે મારા વહાલા ! મારે ખરેખર આપને જ પામવું છે. આપને પામવામાં વિષયાદિકની આસક્તિ અને અહં આ બંને ડેમેજ ન કરે એવી કૃપા વરસાવતા રહેજો હો ને... તે માટે આપને પામવાનો ધ્યેય હું દરરોજ તપાસતો રહીશ. મોટાને હંમેશાં માથે રાખીશ. આપ સદૈવ સાથે રહી મદદ કરતા રહેજો હો ને..! રક્ષા કરજો હો ને..!

# શ્રધ્ધાંજલી




## ● અક્ષરવાસ : અ.નિ.પ.પૂ.સદ્.શ્રીહરિહરપ્રસાદદાસજી સ્વામી(ગવૈયા સ્વામી)-સાવરકુંડલા ગુરુકુળ




શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ-સાવરકુંડલાના વયોવૃદ્ધ અ.નિ.પ.પૂ.સદ્.શ્રીહરિહરદાસજી સ્વામી; ગુરુ પ.પૂ.સદ્.શા.શ્રીનારાયણચરણદાસજી સ્વામી તા.૧૭/૦૭/૨૦૨૫ના રોજ ૮૦ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયા છે. તેઓશ્રીનો જન્મ સાવરકુંડલા નજીક બાઢડા ગામે થયો હતો. ઘરનાં સત્સંગમય વાતાવરણ અને સંસ્કારને કારણે ભગવાન ભજવાની ઈચ્છાથી નાનપણથી જ સંસારનો ત્યાગ કરી ગુરુ પાસે આવી આચાર્ય શ્રીઆનંદપ્રસાદજી મહારાજ પાસેથી ભાગવતી દીક્ષા લીધી હતી. તેઓનો કંઠ સુમધુર હતો. અને તેમને કીર્તનભક્તિ કરી ભગવાનને રાજી કરવાનું તાન હોવાને કારણે પૂ.શાસ્ત્રી સ્વામીએ પૂ.હરિહરદાસજી સ્વામીને સંગીતવિદ્યા શીખવી. અને પૂ.સ્વામીએ ભગવાન અને સંતોને કીર્તનભક્તિ કરી રાજી કર્યા હતા. ત્યારબાદ શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ-સાવરકુંડલાની સ્થાપના થયા બાદ ટૂંક સમયમાં પૂ.શાસ્ત્રી સ્વામી અક્ષરવાસી થયા બાદ પૂ.હરિહરદાસજી સ્વામીએ ખાસ કરીને ગૌશાળામાં સેવા કરી હતી. તા.૧૮/૦૭/૨૦૨૫ના રોજ ગઢપુરધામ મુકામે તેમની અંતિમવિધિનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે પૂ.ગુરુજી વતી સંતોએ જઈ શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં. પૂ.શ્રીહરિહરદાસજી સ્વામીને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિનું અખંડ મહાસુખ આપે તેવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીસુરેશભાઈ માવજીભાઈ સોની-નડિયાદ



નડિયાદમાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીસુરેશભાઈ માવજીભાઈ સોની તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ ૭૮ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેમણે દાદાગુરુ પ.પૂ.સદ્.શ્રીરાધારમણદાસજી સ્વામીની સેવા ખૂબ ભાવથી રાત-દિવસ ખડે પગે ઊભા રહીને કરી હતી. તેઓ ભગવાનનું કર્તાપણું સારું સમજતા અને ભગવાનનો વિશ્વાસ ખૂબ રાખતા. તેમનો આખો પરિવાર સત્સંગી છે. સુરેશભાઈના આત્માને મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું અખંડ મહાસુખ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીબાબુભાઈ દેવશીભાઈ કળથિયા



મૂળગામ બોટાદમાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીબાબુભાઈ દેવશીભાઈ કળથિયા તા.૨૭/૦૭/૨૦૨૫ના રોજ ૬૩ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેઓ કુંડળધામથી થતી સવારની કથા તેમજ રવિસભાનો લાભ લેતા હતા. તેમનો આખો પરિવાર સત્સંગી છે. બાબુભાઈના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા પરિવારજનોને તેમના વિયોગનું દુઃખ સહન કરવાનું બળ આપે એ જ પ્રાર્થના...

# સત્સંગ સમાચાર

## ● ગુરુપૂર્ણિમા મહોત્સવ-વડતાલધામ








શ્રીશિક્ષાપત્રી લેખન એવં આચાર્યપદ સ્થાપન દ્વિશતાબ્દી મહોત્સવ-વડતાલધામના ઉપક્રમે વડતાલધામ દ્વારા તા.૧૦/૦૭/૨૦૨૫ ને ગુરુવારના રોજ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. ગુરુપૂર્ણિમાના મંગલમય દિવસે વડતાલ ગાદીના પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજે નિજ મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન કરી આરતી ઉતારી હતી. ત્યારબાદ મહારાજશ્રી સભામંડપમાં પધાર્યા હતા.


આ પ્રસંગે પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપદાસજી સ્વામી-સરધારધામએ વ્યાસાસને બિરાજી ગુરુપૂર્ણિમા મહોત્સવ અંતર્ગત 'પૂનમ સત્સંગ સત્ર-૨૦'ના માધ્યમે 'ગુરુમહિમા અને વડતાલમહિમા'ની કથાનું રસપાન કરાવ્યું હતું. ઉપરાંત ગુરુપૂર્ણિમાના શુભ અવસર પર ધામોધામથી પધારેલ અનેક મહાનુભાવ સંતો અને પૂ.ગુરુજીની આજ્ઞાથી કુંડળધામથી સંતોએ પ.પૂ.મહારાજશ્રીના પૂજનનો લાભ લીધો હતો. અંતમાં પ.પૂ.મહારાજશ્રીએ ખૂબ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. પ.પૂ.ગુરુજી અને સંતોએ તા.૦૯/૦૭/૨૦૨૫ના રોજ પ.પૂ.મહારાજશ્રીના નિવાસસ્થાને જઈ તેમના પૂજનનો લાભ લીધો હતો.

આ સમગ્ર મહોત્સવના યજમાનપદની સેવાનો લાભ સંધાણાના પ.ભ.શ્રીચીમનલાલ સી. પટેલ (મારુતિ ટ્રેડર્સ, શ્રીજી ટ્રેડર્સ) પરિવારે લીધો હતો.

## ● આત્મીય સભા-૧૨૩ – શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ-વડોદરા








પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા ખાતે તા.૧૦/૦૭/૨૫, અષાઢ સુદ-૧૫ ગુરુપૂર્ણિમાના પરમ પાવન દિવસે આત્મીય સભા-૧૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સવારની કથામાં પૂ.ગુરુજીએ 'શિક્ષાપત્રીભાષ્ય'ની કથાનો લાભ આપ્યો હતો. જેમાં શ્લોક ૧૫૮ અંતર્ગત રાજાના વિશેષ ધર્મમાં 'કોણ દંડવા યોગ્ય છે અને કોણ દંડવા યોગ્ય નથી' તે અંગે સદૃષ્ટાંત વાતો કરી હતી. ત્યારબાદ આત્મીય સભા-૧૨૩ના પ્રારંભમાં પૂ.દયાળુ સ્વામીએ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. જેમાં 'ગુરુ કેવા હોય ? ગુરુને કેવી રીતે માનવા જોઈએ ? કેવી રીતે પૂજવા જોઈએ ?' તેની સુંદર છણાવટ

સદ્.શ્રીમુક્તાનંદ સ્વામીના શબ્દો દ્વારા રજૂ કરી સૌને ગુરુના મહિમાની અનુપમ વાતો કરી હતી.

આ પ્રસંગે પૂ.ગુરુજીએ સભામાં પધારી પોતાના સેવનીય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજનું, આદિગુરુ યોગીવર્ય સદ્.શ્રીગોપાળાનંદ સ્વામી તેમજ પોતાના ગુરુદેવ અ. નિ.પ.પૂ.સદ્.શ્રીરાધારમણદાસજી સ્વામી-ખાનદેશીનું પૂજન કર્યું હતું. પૂજન બાદ પૂ.ગુરુજીએ ધૂન-કીર્તન અને કથા-વાર્તાના માધ્યમે સૌને ભગવાનની મૂર્તિમાં જોડી અલૌકિક લાભ આપ્યો હતો. જેમાં ધામભાવે અખંડ સ્મરણ વર્ષમાં ‘ભગવાનની ભક્તિ કેવા ભાવથી કરવી જોઈએ ? અને જીવના કલ્યાણ માટે હાલ નામસ્મરણની સુગમતા અને માહાત્મ્ય’ની સુંદર વાતો કરી સૌને ભક્તિ કરવાની, અખંડ સ્મરણ કરવાની પ્રેરણા પૂરી પાડી હતી.

કથાના અંતમાં વડીલ પૂજનીય સંતોએ પૂ.ગુરુજીનું પૂજન કર્યું હતું. તેમજ તમામ હરિભક્તો વતી દરેક ઝોનના મુખ્ય હરિભક્તોએ પૂ.ગુરુજીનું ફૂલહાર અને ધોતિયા દ્વારા પૂજન કર્યું હતું. ત્યારબાદ પૂ.સંતોએ ઉપસ્થિત સહુ ભક્તોને આશીર્વાદ સ્વરૂપે સૂકોમેવો અને સાકરનો પ્રસાદ આપ્યો હતો.

આજના આ પરમ પાવન દિવસે આત્મીય સભામાં તમામ ભાઈઓ-બહેનોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. વળી, આ સમગ્ર કાર્યક્રમનો પ્રત્યક્ષ તેમજ zoom અને નેટના માધ્યમે હજારો હરિભક્ત ભાઈઓ-બહેનો લાભ લઈ ધન્ય બન્યાં હતાં. અંતમાં સૌ મહાપ્રસાદ લીધા બાદ આવા અનુપમ લાભની પળોને યાદ કરતાં કરતાં છૂટા પડ્યા હતા.

## ● દિવ્ય હિંડોળા ઉદ્ઘાટન એવં રવિસભા-૧૦૨, વડતાલધામ











શ્રીસ્વામિનારાયણ મંદિર, વડતાલધામને આંગણે આવી રહેલ ‘શ્રીશિક્ષાપત્રી લેખન એવં આચાર્યપદ સ્થાપન દ્વિશતાબ્દી મહોત્સવ’ના ઉપક્રમે વડતાલ ટેમ્પલ બોર્ડ દ્વારા ‘દિવ્ય હિંડોળા મહોત્સવ’નું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૧૩/૦૭/૨૦૨૫ ને રવિવારના રોજ પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ, પ.પૂ.શા.ડો.શ્રીસંતવલ્લભદાસજી સ્વામી-ચેરમેનશ્રી, વડતાલધામ અને પ.પૂ.શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી-કોઠારીશ્રી, વડતાલધામ વગેરે સંતોના કરકમળ દ્વારા હિંડોળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ શુભ અવસરે વડતાલધામ દ્વારા ચાલતી રવિસભા-૧૦૨નું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ રવિસભાના માધ્યમે પૂ.ગુરુજીએ વ્યાસાસને બિરાજી પ.પૂ.શ્રીજ્ઞાનાનંદ સ્વામીકૃત વડતાલની લીલાના પદોમાંથી ‘ચોકમાં ચોકમાં ચોકમાં રે...’ એ પદવિવેચનના માધ્યમે વડતાલધામનો અનેરો મહિમા દર્શાવતાં સુંદર ચરિત્રોના સથવારે પોતાની આગવી શૈલીમાં સૌના હૃદયેશ્વર એવા હરિવરમાં ભાવ કરવાનું અનેરું માધ્યમ પૂરું પાડ્યું હતું.

અંતમાં સૌ ઉપસ્થિત સૌ સંતો-ભક્તો મહાપ્રસાદ લઈ હિંડોળે ઝૂલતા હરિવરની મૂર્તિને સંભારતાં રવિસભામાં મળેલ આનંદને સંભારતાં સંભારતાં છૂટા પડ્યા હતા. આ રવિસભાના યજમાનપદની સેવાનો લાભ સહજાનંદ જ્વેલર્સ પરિવાર-નડિયાદે લીધો હતો.







**શ્રીશિક્ષાપત્રી લેખન એવં આચાર્યપદ સ્થાપન દ્વિશતાબ્દી મહોત્સવ-વડતાલધામના ઉપક્રમે વડતાલધામ શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રદક્ષિણા કરતા પૂ.ગુરુજી તથા સંતો-ભક્તો**




શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા આયોજિત

# હિંડોળા ઉત્સવ-૨૦૨૫






પૂ. ગુરુજીના સેવનીય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજનો ગીર ગાયોના શુદ્ધ ઘી વડે કરાયેલ
અભિષેકનું મહાપ્રસાદીભૂત ઘીનો શ્રીઘનશ્યામ મહારાજ સમક્ષ 'ઘીકૂટ' ધરાવવામાં આવ્યો હતો.
આ આશીર્વાદાત્મક અભિષિપ્ત ઘી આત્મીય સભા-૧૨૩ પ્રસંગે તમામ ભક્તોને વિતરણ કરવામાં આવ્યું હતું.

